કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
જીલ્લા સેવા સદન, પ્રથમ માળ, સેક્ટર -૧૧, ગાંધીનગર
સેક્ટર-૧૧ ગાંધીનગર
ફોન નં. ૨૩૨ ૫૬૭૨૦, ૨૩૨ ૫૬૬૩૯ ફેક્સ નં.- ૨૩૨ ૪૫૮૭૮

નં.સીબી/ડીઝાસ્ટર/વશી.[illegible]/૨૦૨૦ તા.૦૨/૦૪/૨૦૨૦

નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ ૩૪ અન્વયેનું જાહેરનામું

વંચાણે લીધું:

(૧) કેન્દ્રીય ગૃહ મંત્રાલયના હુકમક્રમાંકઃ ૪૦-૩/૨૦૨૦/DM-I(A) તા. ૨૪/૩/૨૦૨૦

(૨) કેન્દ્રીય ગૃહ મંત્રાલયના હુકમક્રમાંકઃ ૪૦-૩/૨૦૨૦/DM-I(A) તા. ૨૯/૩/૨૦૨૦

(૩) ગુજરાત સરકારના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ જીજી/૨૧/૨૦૨૦/ વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા. ૨૫/૩/૨૦૨૦

## જાહેરનામું

સમગ્ર ગુજરાત રાજય તેમજ ભારતમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાયેલ છે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી તથા ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાવો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વંચાણ-૧ વાળા નોટીફીકેશનથી સમગ્ર દેશમાં તા. ૨૫/૩/૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવા વિગતવાર માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અન્વયે ગુજરાત સરકારના ગૃહ વિભાગના વંચાણે-૩ વાળા જાહેરનામાથી કેન્દ્ર સરકારના તા. ૨૪/૩/૨૦૨૦ના હુકમથી આપવામાં આવેલ માર્ગદર્શક સૂચનાઓનું અમલ કરવા જણાવેલ છે.

લોકડાઉન દરમ્યાન જે લોકો પોતાના ધંધા-રોજગારનું સ્થળ છોડી પોતાના વતન તરફ જઇ સોશીયલ ડિસ્ટન્સની અમલવારી ન કરી લોકડાઉનનો ભંગ કરતા હોઇ વર્તમાન સ્થિતિને ધ્યાને લઇ વંચાણ-૨ વાળા હુકમથી જરૂરી પગલા લેવા જણાવેલ છે.

વાસ્તે હું ડો. કુલદીપ આર્ય, આઇ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૪ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબ ફરમાવું છું કે,

(૧) તમામ રોજગાર પુરો પાડતા ઉદ્યોગો, વ્યાપારીક-વાણિજ્યક સંસ્થા/દુકાનો, કોન્ટ્રાકટરોએ તેમના તમામ પ્રકારના કર્મચારી-કામદારોને લોકડાઉનના સમય દરમિયાનના તેમના ઉદ્યોગો, વ્યાપારીક-વાણિજ્યક સંસ્થા/દુકાનો બંધ રહયા હોઇ તો પણ કામના સ્થળે નિયત થયેલ મહેનતાણું, નિયત થયેલ તારીખે જ

Scanned by CamScanner

કોઇ પણ પ્રકારના કપાત વગર પુરેપુરૂ ચુકવવાનું રહેશે. મુખ્ય માલીક સંસ્થાઓએ કોન્ટ્રાકટરના કર્મચારી-કામદારો બાબતે કોન્ટ્રાકટરો મારફતે આવું ચુકવણું કરવાનું રહેશે.

(૨) કામદારો-શ્રમિકો, સ્થળાંતર થતા લોકો સહિત તે જે ભાડાથી રહે છે તેમના રહેઠાણ/મકાન માલિકોએ એક મહિના સુધી ભાડુ માંગવાનું રહેશે નહીં.

(૩) મકાન માલિક તેમના મકાનમાંથી ભાડે રહેતા શ્રમિકો અને વિદ્યાર્થીઓને તેમની માલિકીની જગ્યા છોડવાનું કહેશે તો ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની જોગવાઇ અનુસાર પગલા લેવામાં આવશે.

(૪) કોઇપણ ઉદ્યોગો, વ્યાપારીક-વાણિજ્યક સંસ્થા/દુકાનો, કોન્ટ્રાકટરો તેમના શ્રમિકોને બળજબરીપૂર્વક કામના રહેઠાણના સ્થળને છોડવાનું કહી શકશે નહીં.

(૫) ગાંધીનગર જિલ્લામાં આવેલ અન્ય વિસ્તારના શ્રમિકોને કામ માટે રાખવામાં આવેલ હોય તે સંબંધિત ઉદ્યોગ, વ્યાપારીક-વાણિજ્યક સંસ્થા/દુકાનો, કોન્ટ્રાકટરોએ પોતાના સ્થળ ઉપર રહેવા, ખાવા-પીવાની વ્યવસ્થા કરવાની રહેશે. ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ લોકડાઉનની અમલવારી શ્રમિકો દ્વારા કરવામાં આવે તે સંબંધિત ઉદ્યોગ, વ્યાપારીક-વાણિજ્યક સંસ્થા/દુકાનો, કોન્ટ્રાકટરોએ જોવાનું રહેશે. આ હુકમ તા. ૩૧/૩/૨૦૨૦ થી તા. ૧૪/૪/૨૦૨૦ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આ હુકમ સમગ્ર ગાંધીનગર જિલ્લા મહેસૂલી વિસ્તારમાં લાગુ પડશે.

હું એવો પણ આદેશ કરું છું કે, પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરએ સદરહુ હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ વિરૂધ્ધ નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ ૫૧ થી ૫૮ તથા ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૮૮ (૧૮૬૦નો ૪૫મો) ની જોગવાઇ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના ગાંધીનગર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ – ૧૮૮, ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૯ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની જોગવાઇ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

વધુમાં, જાહેરનામાના મુદ્દાનં. ૧ માટે કલોલ, ગાંધીનગર, માણસા તાલુકા માટે ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય તંત્ર તાબાના નાયબ નિયામકશ્રી, મદદનીશ નિયામકશ્રી અને ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ ઓફીસરશ્રીને, દહેગામ તાલુકા માટે સરકારી શ્રમ અધિકારી, કલોલને, ગાંધીનગર જિલ્લાની બાંધકામ સાઇટો બાબતે મકાન અને અન્ય બાધકામ શ્રમિક અધિનિયમ હેઠળના નિરીક્ષકશ્રીને, ગુજરાત દુકાનો અને વાણિજય સંસ્થા હેઠળ નોંધાયેલ સંસ્થાઓ બાબતે ગાંધીનગર મહાનગર પાલિકાના આસી. મ્યુ. કમિશ્નરશ્રી/ શોપ

Scanned by CamScanner

ઇન્સ્પેકટરશ્રી તથા નગરપાલિકા વિસ્તાર માટે સંબંધિત નગરપાલિકાના ચીફ ઓફીસરશ્રી/શોપ ઇન્સ્પેકટરશ્રીઓને પણ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ બાબતે મળેલ ફરીયાદોનો તાત્કાલીક નિકાલ કરી તે અંગેનું અલાયદું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

આ હુકમ આજરોજ તા.૦૨/૦૪/૨૦૨૦ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

રવાના કર્યા પ્રમાણીત કર્યું

(જે.એમ.શાહ)
મામલતદાર ડીઝાસ્ટર
ગાંધીનગર

સહી/-
(ડો. કુલદીપ આર્ય)
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:

૧. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
૨. સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર.
૩. કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, જુના સચિવાલય, ગાંધીનગર.
૪. પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, ગાંધીનગર.
૫. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર.

નકલ જયભારત સહ રવાના:

૧. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ગાંધીનગર.
૨. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ગાંધીનગર
૩. પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર
૪. મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ગાંધીનગર.
૫. સીવીલ સર્જનશ્રી, જનરલ હોસ્પીટલ, ગાંધીનગર.
૬. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, કલોલ, દહેગામ
૭. જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, ગાંધીનગર.
૮. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગાંધીનગર.
૯. મામલતદારશ્રી, તમામ
૧૦. તાલુકા વિકાસ અધિકારીશ્રી, તમામ
૧૧. ચીફ ઓફીસરશ્રી, તમામ

Scanned by CamScanner

૧૨. સહાયક માહિતી નિયામકશ્રી, ગાંધીનગર દૈનિક વર્તમાનપત્રોમાં વિનામુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા સારું.

૧૩. જિલ્લા સરકારી વકીલશ્રી,

૧૪. નાયબ નિયામકશ્રી,મદદનીશ નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારીશ્રી, મકાન અને અન્ય બાંધકામ કામદાર અધિનિયમ હેઠળના નિરીક્ષકશ્રી C/o ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, ગાંધીનગર.

૧૫. સરકારી શ્રમ અધિકારીશ્રી, ગાંધીનગર.

Scanned by CamScanner